
# આતંકવાદીઓ દરિયાઇ માર્ગે ઘૂસણખોરી કરી શકે : સિંહ

નવી દિલ્હી, તા.૮

વડાપ્રધાન મનમોહનસિંહે સોશિયલ મિડિયાનાં વધતાં જતાં ઉપયોગ અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે સોશિયલ મિડિયાએ ઘણાં નવા પડકારો ઉભા કર્યા છે. આ તમામ પડકારોને પહોંચી વળવા ટેકનોલોજી તરફ વિશેષ ધ્યાન આપવાની જરૂર છે. સોશિયલ મિડિયાનાં કારણે રાષ્ટ્રિય સુરક્ષા સામે પણ ખતરો ઉભો થયો છે. વડાપ્રધાને કહ્યું હતું કે દેશમાં સાંપ્રદાયિક સ્થિતી બગડી ગઇ છે જે ચિંતાજનક બાબત છે. આ પ્રકારની તંગદીલીને ભડકાવવા માટે સોશિયલ મિડિયા અને દુરસંચારનાં અન્ય માધ્યમોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. વડાપ્રધાને એમપણ કહ્યું હતું કે આતંકવાદીઓની ગતિવિધીઓમાં વધારો થયો છે. જમ્મુ કાશ્મીરમાં અંકુશ રેખા અને આંતરરાષ્ટ્રિય સરહદ પરથી ઘુસણખોરીનાં પ્રયાસોમાં વધારો જોવા મળ્યો છે. એવા સંકેત પણ મળ્યા છે કે આતંકવાદી સંગંઠનો દરિયાઇ માર્ગનો ઉપયોગ કરી ભારતમાં ઘુસણખોરી કરવાની સંપુર્ણ ક્ષમતા ધરાવે છે. પોલીસ મહાનિર્દેશકો અને નિર્દેશકોની ત્રણદિવસીય બેઠકની પુર્ણાહુતિ પર સિંહે કહ્યું હતું કે જમ્મુ કાશ્મીરમાં ઘુસણખોરીમાં વધારો થયો છે. વડાપ્રધાને સાફ શબ્દોમાં કહ્યું હતું કે માત્ર જમીની સરહદ પર સાવધાની રાખવાની જરૂર નથી બલ્કે દરિયાકાંઠા ઉપર પણ ખુબ જ સાવધાની રાખવાની જરૂર છે. નવસેના સાથે સંકળાયેલા નૌકા સેનાની શિપિંગ જાગૃતતાને વધારવાની જરૂર છે. વધુ સંખ્યામાં સ્થાયી સરહદી ચોકી અને વધુ સારા સેન્સરનાં ઉપયોગથી સરહદી ક્ષેત્રોમાં સ્થિતીને વધુ સારી બનાવી શકાય છે. સિંહે તમામ વિષયો ઉપર વિસ્તારપુર્વક વાત કરી હતી. રાજ્યોનાં ડીજીપી અને મહાનિર્દેશકોનાં વાર્ષિક સંમેલનમાં વડાપ્રધાને કહ્યું હતું કે છેલ્લા થોડાક મહિનાઓમાં દેશને સાંપ્રદાયિક હિંસાઓમાં વધારો થયો છે. તાજેતરનાં સત્તાઓમાં ઉત્તર-પુર્વીય રાજ્યોમાં જાતીય હિંસા ફેલાઇ છે જે તમામ માટે ચિંતાનો વિષય છે. સિંહે કહ્યું હતું કે દક્ષિણ અને પશ્ચિમ ભારતનાં ઘણાં શહેરોમાંથી ઉત્તર-પુર્વીય રાજ્યોનાં લોકોની હિજરતથી ગંભીર સમસ્યા ઉભી થઇ હતી. આનાથી દેશમાં સાંપ્રદાયિક સ્થિતી વધુ વણસી ગઇ હતી. ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, કર્ણાટક અને કેરલ જેવા રાજ્યોમાં પહેલાથી જ સ્થિતી વણસવાનાં અહેવાલ આવ્યા હતા. વડાપ્રધાને તેમનાં સંબોધનમાં સોશિયલ મિડિયાનાં ઉપયોગ ઉપર અંકુશ મુકવા સાવધાની પુર્વક આગળ વધવા ઉપર ભાર મુક્યો હતો. ભાડુતી તત્વો દ્વારા સોશિયલ મિડિયાનો ઉપયોગ કઇ રીતે કરવામાં આવી રહ્યો છે તેને સંપુર્ણપણે સમજી જવાની જરૂર છે. નવી પદ્ધતિથી ભાડુતી તત્વો દ્વારા હાથ ધરવામાં આવેલી ઝુંબેશને રોકવાની જરૂર છે. આ દુષણને રોકવાની તાકિદે જરૂર છે. સિંહે આશા વ્યક્ત કરી હતી કે પોલીસદળ આ દુષણને રોકવા આક્રમક વ્યુહરચના ઘડી કાઢવામાં સફળ રહેશે. ભારતમાં વંશીય, ધાર્મિક, સાંસ્કૃતિક એકતા શક્તિ સમાન છે. દેશમાં છેલ્લા થોડકા મહિનાઓમાં કોમવાદી હિંસા વધી છે. આંતર સમુદાયનાં સંબંધોમાં ગાબડા પડ્યા છે.



# કોઇ પાર્ટીમાં જવાનો અણ્ણાનો ઇનકાર

રાલેગણ સિદ્ધી, તા.૮

સામાજિક કાર્યકર અને ગાંધીવાદી નેતા અણ્ણા હજારેએ આજે ફરી એકવાર કહ્યું હતું કે તેઓ ચુંટણી લડશે નહીં. કોઇ પાર્ટીની રચના પણ કરશે નહીં. અણ્ણાએ એમપણ કહ્યું હતું કે અમે કોઇપણ પાર્ટીમાં સામેલ પણ થઇશું નહીં. લોકો રાજકારણમાં આવવાની અપીલ કરશે તો પણ તેઓ રાજકારણમાં સામેલ થશે નહીં. અણ્ણાએ કહ્યું હતું કે તેમની ઇચ્છા એ છે કે સંસદમાં સારા લોકો ચુંટાઇને આવે. પાર્ટી બનાવવા માટે અણ્ણા હજારેને મનવવા માટે અરવિંદ કેજરીવાલ સહિત ઘણાં સાથીઓ તેમનાં ગામ રાલેગણ સિદ્ધી પહોંચ્યા હતા. ત્યાં તેમની સાથે થયેલી મિટિંગ બાદ અણ્ણાએ કહ્યું હતું કે તેઓ પોતે ચુંટણી લડશે નહીં. પાર્ટી બનાવવાનાં મુદ્દે તેમણે કહ્યું હતું કે ૧૭ અને ૧૮મી સપ્ટેમ્બરનાં દિવસે આ વિષય ઉપર મિટિંગ યોજાશે. ત્યારબાદ અંતિમ નિર્ણય લેવામાં આવશે. દરમિયાન અરવિંદ કેજરીવાલે કહ્યું હતું કે પાર્ટી બનાવવા માટે તેઓ લોકો પાસેથી અભિપ્રાય લેશે. કેજરીવાલે કહ્યું હતું કે તેઓ એક સપ્તાહ લોકો પાસેથી એસએમએસ મંગાવશે અને તેમના મત મેળવશે. કેજરીવાલે એમપણ કહ્યું હતું કે તેમની પાર્ટીમાંથી એ જ વ્યક્તિ ચુંટણી લડશે જેની સામે કોઇપણ પ્રકારની ફરિયાદ રહેશે નહીં. ઇમાદાર રહેશે અને સમાજ સેવા કરવાની ભાવના રહેશે. કેજરીવાલે કહ્યું હતું કે જે વ્યક્તિ ચુંટણી જીતી ગયા બાદ પણ લાલ બત્તી વગરની ગાડી રાખશે સરકારી બંગલાનો ઉપયોગ કરશે નહીં ૨૫૦૦૦ રૂપિયા જ મહિને પગાર લેવો પડશે આ તમામ બાબતો ચુંટણી પહેલા જ લાગુ કરી દેવામાં આવશે. અત્રે ઉલ્લેખનિય છે કે અણ્ણા ચુંટણી લડવાનાં મુડમાં દેખાઇ રહ્યા નથી. આ મુદ્દે અણ્ણાન મનાવવા માટે કેજરીવાલ રાલેગણ પહોંચ્યા હતા.



## આસામમાં યાત્રી બસમાં પ્રચંડ ગ્રેનેડ મળી આવ્યો

આસામમાં જોરહાટ જિલ્લામાં નાગાલેન્ડ રાજ્ય માર્ગ પરિવહન નિગમની બસમાંથી આજે એક શક્તિશાળી ગ્રેનેડ સમયસર મળી આવતા મોટી દુર્ઘટના ટળી ગઇ હતી. આ ગ્રેનેડ પ્લાસ્ટિક કન્ટેનરમાં છુપાવવામાં આવ્યો હતો. પોલીસ અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કે આ વિસ્ફોટક ૨૬ યાત્રીઓને લઇને જતી બસમાંથી મળી આવ્ય હતો. શુક્રવારે મોડીરાત્રે ૧૧.૦૦વાગે પોલીસ ટીમ દ્વારા ચકાસણી કરવામાં આવતા બસમાંથી આ ગ્રેનેડ મળી આવ્યો હતો. નાગાજંકા ખાતે રૂટીન ચેક દરમિયાન આ શક્તિશાળી ગ્રેનેડ મળી આવતાં તેમાં ઉંડી તપાસ હાથ ધરવામાં આવી હતી. બસનાં ડ્રાઇવર, કંડક્ટર અન્ય એક વ્યક્તિની આ સંબંધમાં ધરપકડ કરી લેવામાં આવી છે. પ્રાથમિક રીતે આ સંબંધમાં કોઇપણ માહિતી મળી શકી નથી. પરંતુ પોલીસ તમામ રીતે તપાસ કરી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે આસામમાં હાલમાં જ બોડો આદિવાસીઓ અને મુસ્લિમ માઇગ્રન્ટ લોકો વચ્ચે હિંસા ભડકી ઉઠી હતી. આ સાંપ્રદાયિક હિંસામાં ૯૫થી વધુ લોકોનાં મોત થઇ ગયા હતા.

**ગ્રુપ ટ્યુરીસ્ટ અને શ્રદ્ધાળુ વિઝાની શરૂઆત**

# નવી ઉદાર વિઝા સમજુતી પર ભારત-પાકિસ્તાનનાં હસ્તાક્ષર

ઇસ્લામાબાદ, તા.૮

ભારત અને પાકિસ્તાને આજે ઉદાર વિઝા સમજુતી પર હસ્તાક્ષર કર્યા હતા. દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબુત બનાવવાની દિશામાં આને એક મોટા પગલા તરીકે ગણવામાં આવે છે. પ્રથમ વખત ગ્રપ ટ્યુરીસ્ટ અને શ્રદ્ધાળુ વિઝાની શરૂઆત કરવામાં આવી છે. વેપારીઓ માટે અલગ વિઝા અને ૬૫ વર્ષથી ઉપરની વયનાં લોકો માટે વિઝા ઓન એરાઇવલની સુવિધા કરવામાં આવી છે. વિદેશ મંત્રી એસએમ કૃષ્ણાં અને પાકિસ્તાનનાં ગૃહપ્રધાન રહેમાન મલિક દ્વારા સમજુતી પર સહીસિક્કા કરવામાં આવ્યા હતા. બંને દેશોમાંથી પ્રવાસીઓ ઉપર નિયંત્રણને હળવા કરી દેવામાં આવ્યા છે. નવી સમજુતી ૩૮ વર્ષ જુની વિઝા સમજુતીની જગ્યા લેશે. આની સાથે જ નિર્ધારીત સમયમાં વિઝા મંજુરી માટેનો માર્ગ મોકળો થયો છે. બંને દેશોનાં લોકો એકબીજાની નજીક આવશે. વેપારને પ્રોત્સાહન મળશે. કૃષ્ણા અને પાકિસ્તાનનાં વિદેશ મંત્રી હિના રબ્બાની વચ્ચે તમામ મુદ્દાઓ ઉપર અગાઉ વાતચીત થઇ હતી. નોન ડિપ્લોમેટીક વિઝા જારી કરવા માટે કોઇ સમયમર્યાદા નક્કી ન હતી. નવી વિઝા સમજુતીમાં જણાવાયું છે કે વિઝા ટુંકા ગાળામાં જ જારી કરવામાં આવશે. અરજીનાં ૪૫ દિવસની અંદર જ વિઝા જારી થશે. નવી વ્યવસ્થા હેઠળ કોઇપણ વ્યક્તિ હાલમાં ત્રણનાં બદલે પાંચ સ્થળોની મુલાકાત લઇ શકશે. જ્યારે ૬૫ વર્ષથી ઉપરની વયનાં લોકો અને ૧૨ વર્ષથી નીચેની વયનાં બાળકો તેમજ જાણીતા બીઝનેસ મેનને પોલીસ રિપોર્ટીંગમાંથી મુક્તિ આપવામાં આવી છે. ડિજિટલ વિઝાની કેટેગરી હેઠળ અગાઉ ત્રણ મહિના માટે માત્ર એક જ એન્ટ્રી વિઝાની વ્યવસ્થા હતી. જેમાં સગા-સંબંધીઓ, પરિવાર, બિઝનેસનાં તમામ હેતુઓનો સમાવેશ થાય છે. નવી સમજુતીમાં સિંગલ એન્ટ્રી વિઝા છ મહિના માટે જારી કરવામાં આવશે. નવી કેટેગરી-૨ હેઠળ મહત્તમ પાંચ ચોક્કસ સ્થળો માટેનાં ડિજિટલ વિઝા લાંબા ગાળા માટે જારી કરાશે. બે વર્ષ સધી જારી કરી શકાશે.



# સમાચાર ઝલક

- આચાર સહિંતાને ધ્યાને લઇને વિકાસનાં કામોમાં મંજુરીની ગતિ વધી.
- એરંડા તથા અન્ય પાકોમાં વધારો થવાની સૌરાષ્ટ્રમાં ધારણા.
- નર્મદા તથા મધ્ય ગુજરાતની તમામ નદીઓમાં ઘોડાપુર જેવી પરિસ્થિતિ.
- યુવાનોને ગુટખા છોડવા માટે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીની અપીલ.
- બનાસકાંઠાના તમામ બંધોમાં નોંધપાત્ર પાણીની આવક, ધરોઇની સપાટી વધી.
- શેરબજારમાં સ્પેશિયલ ટ્રેડિંગ દોઢ કલાક માટે ખુલી, શેરબજાર મજબૂત તેજી.
- અંબાજી મંદિરના દર્શાનાર્થીઓ માટે ૨૩૨ કરોડનો વીમા કવચ.
- અમદાવાદમાં પાનકોર નાકા વિસ્તારમાં મકાન ધરાશાયી.
- મધ્ય ગુજરાતમાં વરસાદથી ૨૦ કિ.મી. લાંબો ટ્રાફિક જામ : ભરૂચ-વડોદરા-નડિયાદ હાઇવે પર ટ્રાફિક જામ.
- સાબરમતી આશ્રમમાં તા.૨જી ઓક્ટોબરે લીયો ટોલ્સટોયની મૂર્તિ સ્થપાશે.
- રેલ્વેની ટિકીટ ખરીદવી વખતે આંગળાની છાપ આપવાની રહેશે.
- ભારત-પાકિસ્તાનના વીમા નીતિ હળવી થશે.
- આશા ભોંસલેનો ૭૯માં જન્મદિવસે લાખો ચાહકોએ શુભેચ્છા પાઠવી.
- અમેરિકામાં હવે ગરીબી, બેકારી, નિરક્ષરતાનું જોખમ વધ્યું.
- પાકિસ્તાનની જેલમાંથી સરબજીતસિંહને છુટકારો થવાની શક્યતા.
- કાશ્મીરમાં ભાજપે કોલસા કૌભાંડ અંગે રસ્તા પર દેખાવો કર્યા.
- અનામત મુદ્દે વિદ્યાર્થીઓએ શ્રી જયસ્વાલ કેન્દ્રીય પ્રધાનનાં ઘરનો ઘેરાવો કર્યો.
- મધ્યપ્રદેશનાં ખંડવામાં ડુબાણમાં જતાં અસરગ્રસ્તોનો ૧૪ દિવસથી પાણીમાં રહીને સત્યાગ્રહ.
- ચીનમાં ભૂકંપથી ૨૦,૦૦૦ કુટુંબોને અસર.

# પાકિસ્તાનમાં રોકાણ કરવાની આખરે ભારતીયોને લીલી ઝંડી

**રિઝર્વ બેંકે જાહેરનામું જારી કરી મંજૂરી આપી**

નવી દિલ્હી, તા.૮

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં રિઝર્વ બેંકે પાકિસ્તાનમાં રોકાણ કરવા ભારતીયોને મંજૂરી આપી દીધી છે. બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય વેપાર સંબંધો વધુ મજબૂત બને તે હેતુસર આરબીઆઇએ ભારતીય કોર્પોરેટને પાકિસ્તાનમાં રોકાણ કરવા મંજૂરી આપી છે. આરબીઆઇએ જાહેરનામુ પણ જાહેર કરી દીધુ છે.

ભારતીય વિદેશમંત્રી એસએમ કૃષ્ણા દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવાના ઇરાદાથી હાલ પાકિસ્તાનમાં છે. જાહેરનામામાં આરબીઆઇએ કહ્યું છે કે પાકિસ્તાનમાં ભારતીય કંપનીઓ રોકાણ કરી શકશે. ભારતે પણ પાકિસ્તાનમાંથી મૂડીરોકાણને મંજૂરી આપી દીધી છે. આરબીઆઇએ કહ્યું છે કે ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ રેગ્યુલેશન ૨૦૦૪માં જરૂરી સુધારા કરવામાં આવી રહ્યા છે. વિદેશમંત્રી કૃષ્ણા અને પાકિસ્તાનના વિદેશમંત્રી હીના રબ્બાની વચ્ચે વિવિધ મુદ્દાઓ ઉપર વાતચીત થઇ ચૂકી છે. બંને દેશો સંબંધોને સામાન્ય બનાવવા પ્રયાસ કરી રહ્યા છે. અલબત્ત આતંકવાદનો મુદ્દો હજુ પણ ચર્ચામાં રહ્યો છે.

# સચિન એડ હાથમાંથી જતી રહેવાનાં હિસાબે નિવૃત્તી લેતો નથી

નવી દિલ્હી/મુંબઇ,તા. ૮

ન્યુઝીલેન્ડ જેવી નબળી ટીમની સામે હાલમાં જ પુરી થયેલી ટેસ્ટ શ્રેણીમાં ત્રણ ઇનિંગ્સમાં સચિન તેન્ડુલકરે માત્ર ૬૩ રન બનાવ્યા હતા. આના કારણે માત્ર કરોડો ચાહકો જ નહીં બલ્કે એવી ૧૭ બ્રાન્ડનાં મેનેજરો પણ હેરાન પરેશાન છે જેની સાથે સચિનનાં કરાર થયેલા છે. ખરાબ ફોર્મનાં કારણે સચિનની નિવૃત્તિની વાત ફરી શરૂ થઇ ચુકી છે. ઘણાં લોકો એમપણ કહેવા લાગ્યા છે કે એડ ગુમાવી દેવાનાં ડરથી સચિન તેન્ડુલકર નિવૃત્તિ લેવા ઇચ્છુક નથી. સચિન જે કંપનીઓ માટે જાહેરાત કરી રહ્યો છે તેમાંથી એક તોશીબાનાં વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે સચિનની નિવૃત્તિ તમામ બ્રાન્ડ માટે ચિંતાનો વિષય હોવો જોઇએ. અમારા માટે પણ મોટો મુદ્દો છે. નામ જાહેર નહીં કરવાની શરતે આ અધિકારીનું કહેવું છે કે જો સચિન નિવૃત્તિ લઇ લે છે તો કોન્ટ્રાક્ટ રિન્યુ કરતી વેળા પૈસા અને શરતોમાં ભારે ફેરફાર કરવામાં આવશે. કેનને સચિનની સાથે વર્ષ ૨૦૦૭માં કોન્ટ્રાક્ટ કર્યો હતો. આ ડિસેમ્બરમાં ખતમ થતાં કોન્ટ્રાક્ટને કંપની રિન્યુ કરવા ઇચ્છુક નથી. કેનન ઇન્ડિયાનાં વરિષ્ઠ ઉપપ્રમુખ આલોક ભારદ્વાજનું કહેવું છે કે અમે અમારી બ્રાન્ડને લાઇફ સ્ટાઇલ રીતે રજુ કરવા માટે અનુષ્કા શર્મા સાથે કોન્ટ્રાક્ટ કર્યો છે. અમને આગળ વધીને યુવા લોકોને જોડવાની જરૂર હતી. જો કે તેમનું કહેવું છે કે સચિન સાથે કોન્ટ્રાક્ટ રિન્યુ નહીં કરવાની બાબત તેની નિવૃત્તી સાથે સંબંધીત નથી. તેમનું કહેવું છે કે સચિન મહાન ખેલાડી છે. તેના મામલામાં આવી કોઇપણ ચીજ મહત્વ રાખતી નથી. મોટાભાગનાં કોન્ટ્રાક્ટમાં નિવૃત્તિ અંગે કોઇ વાત હોતી નથી. પરંતુ દેખાવ સાથે સંકળાયેલી વાત હોય છે. કોન્ટ્રાક્ટમાં એવી શરતો હોય છે કે જો તમારી પસંદગી નહીં થાય અથવા તો છ મહિના સુધી રમશો નહીં તો પૈસામાં ઘટાડો કરી દેવામાં આવશે. જાણકાર નિષ્ણાંતોનું કહેવું છે કે સચિનની સાથે કોન્ટ્રાક્ટ કરનાર મોટાભાગની કંપનીઓએ એક અથવા બે વર્ષનો કોન્ટ્રાક્ટ કરેલો છે. તેમનું કહેવું છે કે સચિન નિવૃત્ત થઇ જશે તો તેમની પાસે ૧૭ બ્રાન્ડ રહેશે નહીં.

# એર ઇન્ડિયાએ તેની સર્વિસ અપગ્રેડ કરી

નવી દિલ્હી, તા.૮

નાગરિક ઉડ્ડયન પ્રધાન અજીતસિંહે એક લેખિત પ્રશ્નનાં જવાબમાં જણાવ્યું છે કે એર ઇન્ડિયાએ તેની સર્વિસ અપગ્રેડ કરી છે. તેના યાત્રિઓની જુદા જુદા પ્રકારની ભોજનની ચીજવસ્તુઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. મેનુંમાં સુધારાનાં પ્રયાસો હાથ ધરાયા છે. સ્થાનિક સેક્ટરોમાં એક્ઝીક્યુટીવ અને ઇકોનોમિક ક્લાસ માટે નવી ચીજવસ્તુ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. નવ મિનિટથી વધુની ફલાઇટમાં દર બીજા દિવસે ચીજવસ્તુમાં ફેરફાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ઇન્ટરનેશનલ સેક્ટરમાં વંશીય ક્ષેત્રીય ભારતીય ચીજવસ્તુ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. એર ઇન્ડિયા હેલ્થનાં આધારને ધ્યાનમાં લઇને ભોજન ઉપલબ્ધ કરાવશે. જેમાં લો ફેટ, હાઇ ફાઇબર અને લેક્ટોસ ફ્રી ચીજવસ્તુઓ અપાશે. મુસ્લિમ ભોજન, જૈન ભોજનની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. એર ઇન્ડિયા મેનેજમેન્ટે આ તમામ નિર્ણયો અસરકારક્તાનાં હેતુસર કર્યા છે. આગામી દિવસોમાં એર ઇન્ડિયા તેની સેવાને વધુ અસરકારક અને આકર્ષક બનાવીને લોકોનું ધ્યાન ખેંચશે. સ્પર્ધા વચ્ચે શ્રેષ્ઠ સેવા આપશે.

## વિવેચન (પાના નં. ૪ નું ચાલુ)

**૧૯૭૪-૭૫** - સંશોધન પ્રવૃત્તિ પાલીતાણા પાસેના ગામમાં ખસેડી, બીજની ચકાસણી ચાલુ.

**૧૯૭૬-૭૮** - સંશોધન પ્રવૃત્તિ લોકભારતીમાં ખસેડી.

**૧૯૭૯** - ૧૭ ટકા વધુ ઉત્પાદન આપતા બીજને સરકારી માન્યતા.

- તેથી ય વધુ ઉત્પાદન માટેના પ્રયોગોનું સંશોધન લોકભારતીથી જાલિયા ખસેડ્યું.

**૧૯૮૦-૮૩** - સંશોધન પુનઃ લોકભારતીમાં

**૧૯૮૪** - અમેરિકામાં બીજા કૌટુંબિક પ્રવાસ, ત્રણ માસ.

**૧૯૮૪-૮૮** - સંશોધન ચાલુ, લોકભારતીમાં

**૧૯૮૯** - હ્રદયરેખા - હાર્ટ એટેકથી સ્વર્ગવાસ - ૨૩ માર્ચ

ડૉ. ઝવેરભાઇ પટેલે ઉપજાવેલ ઘઉંના બીજનું નામ ઝવેર-૧ આપવાનો બધાએ આગ્રહ કર્યો. ઘણી રીતે તેમને સમજાવવાોન પ્રયાસો થયા ત્યારે તેમણે સ્પષ્ટપણે જણાવી દીધું કે નહિ, નહી ને નહિ, આ તપસ્વી વૈજ્ઞાનિકની સમક્ષ બધા હાર્યા. ઝવેરભાઇએ તો કહી દીધું. 'બીજ મેં લોકો માટે વિકસાવ્યું છે. તેના નામમાં પણ લોકને જ રાખો.' તેને લોક-૧ નામ આપવાની ઝવેરભાઇની વાત અંતે સ્વીકારવામાં આવી.

પ્રસિધ્ધિની ખેવના રાખ્યા સિવાય, એકનિષ્ઠાથી સરકારની કે કોઇની આર્થિક સહાયની અપેક્ષા રાખ્યા સિવાય ડૉ. ઝવેરભાઇ પટેલે 'ઘઉં ઉત્પાદનની વૃધ્ધિ'નું એકમાત્ર સૂત્ર નજર સમક્ષ રાખી, સંશોધનમાં મેળવેલ સફળતા બદલ 'તપસ્વી વૈજ્ઞાનિક' નું બિરૂદ મેળવ્યું, એ જ એમના સંશોધન કાર્યની સફળતા કહી શકાય.

ચીંથરે વીંટ્યા ભારતના છૂપા રતનની ઓળખ આપનાર આ સંશોધનગાથાના આલેખ કોને આપીએ એટલા અભિનંદન ઓછા ગણાશે! ખેતી - વિજ્ઞાનના સહુ કોઇ અભ્યાસીએ અને પ્રત્યેક ગુજરાતીએ અવશ્ય વાંચવા જેવી આ સંશોધન ગાથાને હ્રદયથી આવકારીએ!!

**ઉત્ક્રાંતિકારક "લોક-૧" ઘઉંના સંશોધક**
**ડો. ઝવેરભાઇ એચ. પટેલ**
**(પીએચ.ડી. - ૧૯૩૩ યુ.એસ.એ)ની સંશોધનગાથા**
**આલેખન : બળવંત વી. પટેલ, જયંતિલાલ એસ. મેવાડા**
**પ્રકાશક - બળવંત વી. પટેલ એન્ડ જયંતિલાલ એસ. મેવાડા, પ્લોટ નં. ૨૫૩/૧, સેક્ટર-૭/એ, ગાંધીનગર - ૩૮૨૦૦૭**
**કિંમત : રૂા. ૭૫/-**

## અથડામણ બદલ જગદીશ ટાઇટલર સામે કેસ દાખલ

ભુવનેશ્વર,તા.૮

કોંગ્રેસના વરિષ્ઠ નેતા જગદીશ ટાઇટલર અને અન્યો સામે હિંસાના જુદા જુદા કેસોના સંબંધમાં પોલીસે કેસ દાખલ કર્યો છે. કોંગ્રેસના સમર્થકો અને સુરક્ષા જવાનો વચ્ચે અગાઉના દિવસની હિંસા અને અથડામણના સંબંધમાં આ કેસ દાખલ કરવામાં આવ્યો છે.

પોલીસે આ સંબંધમાં ૩૪ લોકોની ધરપકડ પણ કરી છે. હિંસામાં સંડોવણીના આરોપસર આ ૩૪ શખ્સોની ધરપકડ કરી લઇને તેમની આંકરી પૂછપરછ કરવામાં આવી રહી છે. અથડામણમાં કોંગ્રેસના કાર્યકરો, પોલીસ જવાનો અને પત્રકારો સહિત મોટી સંખ્યામાં લોકો ઘાયલ થયા હતા. વિપક્ષી કોંગ્રેસ અને શાસક બીજેડીના સભ્યો આમને સામને આવી ગયા હતા. પોલીસે પાંચ કેસ દાખલ કર્યા છે જે પૈકી ચાર કેસ કેપિટલ પોલીસ સ્ટેશન ખાતે અને એક કેસ ખારવેલા નગર પોલીસ સ્ટેશનમાં દાખલ કરવામાં આવ્યો છે. આ કેસ કલમ ૩૦૭, ૧૪૭, ૧૪૮, ૩૩૨, ૩૩૩, ૩૩૬, ૩૩૭, ૩૫૩, ૩૫૪, ૪૩૧, ૪૩૭, ૧૨૦ બી હેઠળ દાખલ કરવામાં આવ્યા છે.

# ચીનમાં ભૂકંપમાં મોતનો આંક વધીને ૮૦ થયો, ૭૩૦ ઘાયલ

બેજિંગ, તા.૮

દક્ષિણપશ્ચિમ ચીનના યુનાન અને ગુઇઝાઉ પ્રાંતમાં આવેલા વિનાશકારી ભૂકંપમાં મોતનો આંકડો વધીને આજે ૮૦ ઉપર પહોંચી ગયો હતો. મોતનો આંકડો હજુ પણ વધવાની દહેશત દેખાઇ રહી છે. બચાવ અને રાહત કામગીરી અસરગ્રસ્ત વિસ્તારોમાં યુદ્ધના ધોરણે ચાલી રહી છે. બચાવ ટીમનો દાવો છે કે આશરે ૯૦ ટકા અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ કર્મચારી પહોંચી ચૂક્યા છે. ભૂકંપમાં ઘાયલોની સંખ્યા વધીને ૭૩૦ ઉપર પહોંચી ગઇ છે. સૌથી વધુ અસર યુનાન પ્રાંતમાં થઇ હોવાનું જાણવા મળ્યું છે. ભૂકંપના કારણે અર્થતંત્રને સીધી રીતે ૫૫૧ મિલિયન ડૉલરનું નુકસાન થઇ ચૂક્યું છે.

૫.૭ની તીવ્રતાના પ્રચંડ ભુકંપના આંચકા બાદ શ્રેણીબદ્ધ આફ્ટરશોકસથી ૭૪૦૦૦૦ લોકોને માઠી અસર થઇ છે. ઘાયલો પૈકી ઘણાની હાલત ચિંતાજનક હોવાથી મોતનો આંકડો વધવાની દહેશત દેખાઇ રહી છે. ધરતીકંપના કારણે ૨૦૦૦૦થી વધારે મકાનોને નુકસાન થયું છે. ભૂંકપના કારણે પડોશી ગુઇઝાઉના વેઇયિંગ અને યુનાન પ્રાંતને માઠી અસર થઇ હતી. ઇજાગ્રસ્ત થયેલા તમામ લોકો યિલિયાંગ પ્રાંતના છે. યુનાન પ્રાંતના ગૃહ વિભાગે માહિતી આપતા જણાવ્યું છે કે પ્રચંડ ભૂકંપ બાદ આફ્ટશોકસનો સિલસિલો શરૂ થયો હતો. ટૂંકાગાળામાં જ ૧૬ જેટલા આંચકા આવ્યા હતા. જેના કારણે હજારો મકાનોને નુકસાન થયું હતું. ભુંકપનું કેન્દ્ર યિલિયાંગથી ૧૫ કિલોમીટરના અંતરે સ્થિત હતું.

અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી હતી. બચાવ અને રાહત ટીમો અસરગ્રસ્ત વિસ્તારોમાં મોકલી દેવામાં આવી હતી. મોતનો આંકડો વધી શકે છે. ચીનમાં તાજેતરના વર્ષોમાં અનેક વખત ધરતીકંપના આંચકા આવી ચુક્યા છે. વિશ્વના દેશોમાં તાજેતરના સમયમાં ભુંકપના આંચકા વધી ગયા છે.



## વાત કાનૂન કાયદાની... (પાના નં. ૪ નું ચાલુ)

દેશી મહુડાની આયાત-નિકાસ કરવા ઉપર કલમ-૬૦ મુજબ પ્રતિબંધ ઠરાવેલ છે. ધર્મ-રૂઢી, જાતિના ઓઢા હેઠળ મહુડાના દારૂનું સેવન કરવામાં આવતું હતું. જે આ કાયદાથી પ્રતિબંધીત કરેલ છે. કલમ ૬૬બી મુજબ કેફી પદાર્થ ભાંગ, ગાંજા દેશી દારૂ પ્રથમ ગુના માટે છ માસની સજા અને એક હજારનો દંડ તેમજ બીજી વખતના ગુના માટે બે વર્ષની કેદની સજા અને એક હજાર દંડની સજા ફર્સ્ટ કલાસ જયુડિશીયલ મેજિસ્ટ્રેટ સમાવી શકે છે.

આધુનિક યુગમાં ફેશનની માયાજાળમાં, ગ્લેવર વર્લ્ડની હરિફાઇમાં કોકેન, હેરોઇન ચરસ, ગાંજાની, પાર્ટીમાં ફિલ્મી હસ્તીઓ, મોડલો દ્વારા વળતો વખત યોજાય છે, જેમાં પોલીસ દ્વારા રેડ પાર્ટી, નાર્કો ટેસ્ટ કરવામાં આવે છે. નાર્કો ટેસ્ટ પોઝિટીવ આવે તો કાયદામાં જોગવાઇ મુજબ અને દંડ કરવામાં આવે છે. તેમ છતા સમાજમાં વ્યસનનું પ્રમાણ વધતું જ જાય છે. તેમ છતાં સમાજમાં વ્યસનનું પ્રમાણ વધતું જ જાય છે. યુવાવર્ગ, મહત્તમ નશાનો બંધાણી બને છે. અને ઉજ્જવળ કારકિર્દી તથા ભવિષ્ય સાથે ચેડા કરે છે. આવા યુવકો - યુવતીઓ પકડાય ત્યારે રિહેબીલેશ સેન્ટર, તેમજ નશામુક્તિ કેન્દ્ર દ્વારા સાયકીક ટ્રેટીમેન્ટ પણ આપવાની જોગવાઇ છે, કુમળી વયના બાકો અન્યના દેખાદેખીથી, નવું કરવાના, સાહસ કરવાના, બીજાથી અલગ દેખાવવાના, પ્રયત્નમાં નશાખોરી તરફ વળે છે, જે પાછળથી કાયમી કુટેવનો ભોગ બને છે. દારૂબંધી સાથે ગુજરાતમાંથી ગુટખા પ્રતિબંધની પણ પહેલ રાજ્ય સરકારે કરેલ છે. જેનાથી સેકડો લોકોના આરોગ્ય, સુખાધિકાર, વધશે, સાથે સાથે નાણાંકીય બચત તથા આર્થિક સધ્ધરતામાં પણ વધારો થતાં ગુજરાત સાચા અર્થમાં વિકાસની હરણફાળ ભરશે.